ગાંધીનગર સમાચાર



# સે-૨૪ માં વૃક્ષ કાપનાર તબીબ પાસેથી વન તંત્રએ ૨ હજારનો દંડ વસુલ્યો

**આસપાસના પર્યાવરણ પ્રમીઓએ તબીબનું નામ વૃક્ષ પર ચિપકાવ્યુ હરિયાળા વૃક્ષોને બચાવવા નાગરિકોની અનોખી પહેલ**

ગાંધીનગર તા ૯

સે- ૨૪ ચોકડી પાસે તબીબે વૃક્ષની ડાળીઓ કાપતા વન વિભાગે તબીબ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. વન તંત્રને આસપાસના પર્યાવરણ પ્રમીઓ દ્વારા જાણ કરવામાં આવતા વન તંત્રએ તબીબ પાસેથી રૂપિયા ૨ હજારનો દંડ વસુલ્યો હતો.

ગ્રીન સીટીમાં વિકાસના નામે સેંકડો વૃક્ષો કપાતા પર્યાવરણ પ્રમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે હરિયાળા વૃક્ષોના અસ્તિત્વને અનુલક્ષી આમ નાગરિકો પણ વધુ સજાગ બન્યા છે.નાગરિકોની સજાગતાનુ તાદ્રશ્ય ઉદાહરણ શહેરના સેકટર- ૨૪ માં જોવા મળ્યુ હતુ. કુમળા વૃક્ષ પર કુહાડીના ઘા ઝીંકાતા પર્યાવરણ પ્રમીઓ આગ બબુલા બન્યા હતા. જો કે આ મામલે તેમણે વન વિભાગને જાણ કરી હરિયાળા વૃક્ષોને બચાવવા અનોખી પહેલ કરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સે- ૨૪ ચોકડી પાસે સ્થિત તબીબના રહેણાંક પાસે વૃક્ષની ડાળીઓ નડતરરૂપ હોવાનુ માની તેમણે આ વૃક્ષના થડીયા સિવાયનો આખો ભાગ કપાવી નાંખ્યો હતો. જયારે આ ઘટનાથી આસપાસના પડોશીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો હતો. જયારે જાગૃત નાગરિકોએ આ અંગે વૃક્ષના થડીયા પર વૃક્ષ કાપનારનુ નામ પણ ચિપકાવી દિધુ હતુ. આ અંગે વન વિભાગને જાણ થતા વન તંત્રના અધિકારીઓ સ્થળ પર પહોંચી તપાસના અંતે વૃક્ષ કાપનાર તબીબ પાસેથી રૂ ૨ હજારનો દંડ વસુલ્યો હતો.

# જીપીએસસી અને સરકારની હાઈકોર્ટે આકરી ઝાટકણી કાઢી

## શુ આયોગ પાસે નિષ્ણાંત પ્રુફરીડર પણ નથી : જજ, ભરતી પ્રક્રિયા પર સ્ટે : ૨૧મી સપ્ટેમ્બરે સુનાવણી

ગાંધીનગર, તા. ૯

વિવાદિત જીપીએસસી પ્રિલીમ પરીક્ષા પ્રકરણમાં હાઈકોર્ટે જીપીએસસી અને રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢી હતી અને મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરવા સિવાયની આગળની તમામ ભરતી પ્રક્રિયા નહી કરવા કોર્ટે સ્ટે આપી દીધો છે. આ કેસની આગામી સુનાવણી ૨૧મી સપ્ટેમાબરના રોજ હાથ ધરાશે.

ગુજરાત જાહેર સેવા આયોગ વર્ગ-૧-૨ની પરીક્ષાને મામલે છેલ્લા ઘણા સમયથી વિવાદો વચ્ચે ઘેરાયેલી છે. આયોગે એક વર્ષ અગાઉ રાજ્યમાં ૭મી સપ્ટેમ્બરના રોજ રિટ કરી હતી. આ રિટ આજે બોર્ડ પર આવતા હાઈકોર્ટના જજ સોનિયાબેન ગોકાણીએ સરકાર અને જીપીએસસીની આકરા શબ્દોમાં ઝાટકમી કાઢી શું તમારી પાસે કોઈ

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **કડીકર ગુણવંતભાઈ સોમભાઈ** (માહિતીખાતુ)નું તા. ૬/૯/૧૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૧૦/૯/૨૦૧૫ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ૧૨૯૮/૨, સે.૩બી, ગાંધીનગર. મો. ૮૧૪૦૪૭૩૩૪૭

**લિ.**

સ્વ.અશોકભાઈ ગુણવંતભાઈ કડીકર (પુત્ર) ગં.સ્વ. લીલાબેન ગુણવંતભાઈ કડીકર (પત્ની)
વિનોદભાઈ ગુણવંતભાઈ કડીકર (પુત્ર) પ્રકાશભાઈ ગુણવંતભાઈ કડીકર (પુત્ર)
કેવલ અશોકભાઈ કડીકર (પૌત્ર) અજયભાઈ અશોકભાઈ કડીકર (પોત્ર)
નારણભાઈ બી. ચુડાસણા (મિત્ર)


# ગુડા કુડાસણમાં ૫૦૦ નવા આવાસો બાંધશે

**ખાનગી બિલ્ડરો કરતા વધુ સુવિધા મળે તેવી ડીઝાઇન તૈયાર કરાઇ : આશિષ દવે**





ગાંધીનગર તા ૯

ગુડા દ્વારા નિર્માણ કરાયેલા આવાસો ખાનગી બિલ્ડરોની સાપેક્ષમાં વધુ સુવિધાયુકત હોવાનુ ગુડાના ચેરમેને જણાંવ્યુ હતુ.તેમણે જણાંવ્યુ હતુ કે ગુડાની નવી આવાસ યોજના કુડાસણમાં નિર્માણ કરવામાં આવશે. વીઘા જમીનની કિંમત ૫ કરોડ થાય તેવી મોંઘી જમીન પર આ નવા આવાસો બાંધવામાં આવશે.

લાભાર્થીઓને આવાસ ફાળવવા તેમજ આવાસ યોજનાના ડ્રો ઉપરાંત નવી આવાસ યોજનાની જાહેરાત માટે આજે ગુડા દ્વારા શહેરના ટાઉનહાલમાં કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે દરેક વ્યકિતને પોતાનુ ઘરનુ ઘર હોય તે મોટુ સ્વપ્ર હોય છે. ગુડા દ્વારા ખાનગી બિલ્ડરોની સાપેક્ષમાં સુવિધાયુકત આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે અડાલજમાં એલ આઈ જી ટુ

● અનુસંધાન પાન-૭ પર

# દરેક વ્યકિત પાસે પોતાનુ મકાન હોવુ સ્વમાનની વાત : શંકરભાઈ ચૌધરી

ગાંધીનગર તા ૯

પોતાનુ મકાન હોવુ તે વ્યકિતના સ્વમાન તેમજ



સ્વાભિમાન સાથે જોડાયેલી બાબત છે. સરકારે ડ્રો ના માધ્યમંથી રાજયમાં ૫ લાખ મકાનોની ફાળવણી કરી છે.જયારે પારદર્શક ફાળવણી માટે સોફટવેર પણ બનાવ્યુ છે. અત્યાર સુધી સરકારી કામમાં ગુણવત્તા ન હોય તેવી છાપ માનસપટ પર ઉપસેલી હતી. પરંતુ આવાસોની ગુણવત્તાસભર અને સુવિધાયુકત કામગીરીએ સરકારી કામની ઈમેજ બદલી નાંખી છે.

**નાગરિકોમાં સરકારી કામની ઇમેજ બદલાઇ છે. ૩૫૨ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપાયોઃ બાકી રહેતા તમામને માથે પાકી છત આપવા સરકાર કટિબદ્ધ**

તેમ આજે શહેરી ગૃહ નિર્માણ રાજય મંત્રી શંકર ચૌધરીએ જણાંવ્યુ હતુ. ગુડાના લાભાર્થીઓને શુભ લાભ આવાસોનો કબજો સોંપતા તેમણે નવી યોજનાની જાહેરાત પણ કરી હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજમાં અટલ આવાસ યોજનામાં ૫૦૪ મકાનો બાંધવામાં આવશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ અને ચિલોડામાં શુભ લાભ આવાસ યોજના તૈયાર કર્યા બાદ ગુડા કક્ષાએ અડાલજમાં એલ આઈ જી ટુ પ્રકારના નવા આવાસો બાંધવાનુ કામ શરૂ કરવામાં આવશે. આજે આ આવાસ યોજનાને અટલ આવાસ યોજના નામ આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

ગુડા દ્વારા શુભ લાભ આવાસ યોજનાનુ મોટાભાગનુ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે આજે આ યોજનાના ૩૫૨ લાભાર્થીઓને આવાસોનો કબજો પણ સોંપી દેવામાં આવ્યો હતો. જયારે કુડાસણમાં નવી યોજના શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જયારે આ તબક્કે અડાજમાં એલ આઈ જી ટુ પ્રકારની યોજનાના લાભાર્થીઓને મકાનો ફાળવવા માટે ડ્રો ની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૦૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યો છે.૫૨.૮૦ ચો મી ના મકાનોમાં લાભાર્થીઓને ડ્રોઈંગ રૂમ બેડ રૂમ સ્ટડી રૂમ રસોડુ સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવશે. જયારે લાભાર્થીઓને રૂ ૧૧ લાખમાં સુવિધાયુકત આવાસો ફાળવવામાં આવશે તેમ પણ જણાંવાયુ હતુ આ તબક્કે શહેરી ગૃહ નિર્માણ રાજય મંત્રી શંકર ચૌધરીએ આ આવાસ યોજનાનુ નામ અટલ આવાસ યોજના નામ જાહેર કર્યુ હતુ.

**નમૂનો - ૧**
**(જુઓ નિયમ- ૧૬)**

ગાંધીનગર જિલ્લા કલેકટરની કચેરીના હુકમનં. સીબી/એડીએમ-૨/વશી.૧૫૭૭/૭૮ તા.૬-૫-૨૦૧૫ થી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ગાંધીનગર, સેકટર-૨૫, ગાંધીનગરના સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫ (ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ છે. તેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમ-૧૯૮૨ ના નિયમ-૧૬ થી મળેલ સત્તાની રૂએ.

હું રાકેશકુમાર વી. વ્યાસ, ચૂંટણી સત્તાધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર આથી જાહેર કરૂ છું કે, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડીરેકટર્સના ૧૨ (બાર) સભ્યોની ચૂંટણી થવાની છે જે ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૧૫ તેમજ સુપ્રિમકોર્ટ દ્વારા SLP (C) No.(S) 26017/2013 તા.૧૯-૧૧-૨૦૧૪ ના ચુકાદા મુજબ તથા નામદાર હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એન.નં.૧૧૪૩૧/૧૫ઈન એમ.સી.એ. (ફોર રીવ્યુ) નં. ૨૧૭૨/૧૫ અન્વયે નામદાર હાઈકોર્ટના તા. ૩૧-૭-૧૫ તથા તા.૩-૮-૧૫ ના રોજ આપેલ ઓરલ ચુકાદા અન્વયે આઠ મતદાર મંડળો ઉપરાંત ૯ થી ૧૨ નંબરના ડિરેકટર માટે ૪ મતદાર મંડળો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. આ મહિલા માટેના ચાર અનામત મંડળોમાં નિયમઅનુસાર મહિલા ચેરમેનશ્રીઓ જ ઉમેદવારી નોંધાવી શકશે તેમજ આ ચાર અનામત બેઠકો માટે તમામસભાસદ મંડળીઓના ચેરમેનશ્રી/અધિકૃત પ્રતિનીધીશ્રીઓ મતદાન કરશે. જ્યારે સામાન્ય વર્ગના આઠ મંડળો માટે ફક્ત જે તે મંડળમાં સમાવિષ્ટ મંડળીના ચેરમેનશ્રીઓ જ નિયમઅનુસાર ઉમેદવારી નોંધાવી શકશે તેમજ ટેકો આપનાર, દરખાસ્ત કરનાર અને વાંધો લેનાર પણ જે તે મંડળના જ રહેશે અને આ સાથેની અનુસુચિના કોલમ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો (જેનો આમાં હવે પછી "સંબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણી સંબંધમાં

A સંબંધિત મતદાર મંડળના આઠ મતદાર મંડળો ઉપરાંત ૯ થી ૧૨ નંબરના ડિરેકટર માટે ૪ મતદાર મંડળો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. આ મહિલા માટેના ચાર અનામત મંડળોમાં મહિલા ચેરમેનશ્રીઓ જ નિયમઅનુસાર ઉમેદવારી નોંધાવી શકશે તેમજ આ ચાર અનામત બેઠકો માટે તમામસભાસદ મંડળીઓના ચેરમેનશ્રી/અધિકૃત પ્રતિનીધીઓ મતદાન કરશે. જ્યારે સામાન્ય વર્ગના આઠ મંડળો માટે ફક્ત જે તે મંડળમાં સમાવિષ્ટ મંડળીના ચેરમેનશ્રીઓ જ નિયમઅનુસાર ઉમેદવારી નોંધાવી શકશે તેમજ ટેકો આપનાર, દરખાસ્ત કરનાર અને વાંધો લેનાર પણ જે તે મંડળના જ રહેશે સંબંધમાં ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય સંબંધિત મતદાર મંડળ સામે અનું. નં. ૧ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

B સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના તમામવિભાગના સંબંધમાં ઉમેદવારી પત્રો ભરીને રજુ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના કોલમ-૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર ભરીને રજુ કરી શકાય તે સ્થળ તરીકે નક્કી કરેલ છે.

C સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સંબંધમાં આ મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધી માટેની તારીખ અને સ્થળ નક્કી કરેલ છે.

D સંબંધિત મતદાર મંડળ સાથે સદરહું અનુસુચિના અનું.નં.૪ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગમાં મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે અનુક્રમનં. ૪ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા તમામઉમેદવારીપત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

E સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૫ માં નિર્દિષ્ટ કરેલ તારીખને વિભાગવાર માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ સ્થળ અને સમય તરીકે નક્કી કરેલ છે.

F સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના અનું નં. ૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સંબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

G સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસિચના અનું નં. ૭ માં નિર્દિષ્ટ કરેલ તારીખ ને સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સંબંધમાં વિભાગવાર હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિધ્ધિની તારીખ સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

H સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના અનું નં. ૮ માં નિર્દિષ્ટ કરેલ તારીખને ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના વિભાગ દીઠ સભ્યોની ચૂંટણી કરવાનું જ્યાં જરૂરી હોય તો જે તારીખે તે કરવાની હોય તે તારીખ સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

I સંબંધિત મતદાર મંડળ સામે અનુસુચિના અનું. નં. ૯ માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરેલ છે.

J સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૧૦ તથા ૧૧ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળે મતગણતરી તથા પરિણામજાહેર માટેની તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

K સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના અનું નં. ૧૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખે પરિણામજાહેર કર્યાબાદ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ નક્કી કરેલ છે.

ચૂંટણી સત્તાધિકારી
ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર
અને પ્રાંત અધિકારી, ગાંધીનગર.

**નમૂનો - ૧**
**ચૂંટણીની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે,

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના. બોર્ડ ઓફ ડીરેકટરની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ના કામે નીચેની વિગતે આ મુજબ કાર્યક્રમબહાર પાડવામાં આવે છે.

| અ.નં. | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ A | ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૨૨-૯-૧૫<br>સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક દરમિયાન<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૨ B | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (ભરીને પરત આપવા માટેની) (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૨૨-૯-૧૫<br>સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૩ C | મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધની તારીખ | જે તારીખે મળે તે તારીખે ૧૮.૦૦ કલાકે<br>સ્થળ : (૧) પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૪ D | ઉમેદવારી પત્રોની ચકાસવાની તારીખ સમય અને સ્થળ | તારીખ : ૨૩-૯-૧૫<br>સમય : ૧૧.૦૦ કલાક થી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૫ E | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય સ્થળ | તારીખ : ૨૪-૯-૧૫<br>સમય : ૧૫.૦૦ કલાક<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૬ F | ઉમેદવારી પત્રો પાછા ખેચી લેવાની તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૨૯-૯-૧૫ સુધી (જાહેર રજાઓ સિવાયના દિવસે)<br>સમય : ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૭ G | હરીફ ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તારીખ : ૨૯-૯-૧૫<br>સમય : ૧૮.૦૦ કલાકે |
| ૮ H | મતદાન જરૂરી હોય તો તેની તારીખ અને સ્થળ | તારીખ : ૦૯-૧૦-૧૫<br>સ્થળ : સભાખંડ, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગાંધીનગર. સે-૨૫, ગાંધીનગર |
| ૯ I | જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય | સમય : ૯.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી |
| ૧૦ J | મત ગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૦૯-૧૦-૧૫<br>સમય : ૧૬.૦૦ કલાકથી<br>સ્થળ : સભાખંડ, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગાંધીનગર. સે-૨૫, ગાંધીનગર |
| ૧૧ J | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ : ૦૯-૧૦-૧૫<br>મતગણતરી પછી તરત જ |
| ૧૨ K | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તારીખ : ૦૯-૧૦-૧૫<br>પરિણામ જાહેર કર્યા બાદ |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૯-૯-૧૫
નં.પીઓ/એડીએમ/ચટણ/વશી.૨૮૨૫/૨૦૧૫
પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી
બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર.

(રાકેશ વી. વ્યાસ)
ચૂંટણી સત્તાધિકારી
ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ.
ગાંધીનગર અને પ્રાંત અધિકારી, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com